Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારો

ડૉ. દીપિકાબેન કે. રોહિત
સમાજશાસ્ત્ર વિભાગ, શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણા

પ્રસ્તાવના :-

શિક્ષણ દ્વારા પ્રજાનું ચારિત્ર્યઘડતર કર્યા સિવાયની દેશની બધી પ્રગતિ એકડા વગરના મીંડા બરાબર સાબિત થવાની છે એની ખાતરી એમને થઈ ચૂકી હતી. તેથી જ આઝાદીના આગમન પૂર્વે કોઈએ એમને પૂછેલું કે સ્વતંત્રતા બાદ શિક્ષણનો તમારો આદર્શ શો હશે ? ત્યારે એક ક્ષણનાય વિલંબ વિના એમણે કહેલું : ચારિત્ર્યઘડતર.

આઝાદી પછી આપણે ત્યાં રાષ્ટ્રીય વિકાસની અનેક યોજનાઓ ઘડાઈ અને અમલમાં મુકાઈ. એ દ્વારા દેશે ઘણો ભૌતિક વિકાસ સાધ્યો છે એ હકીકત છે. પરંતુ લોકોના સર્વાંગીણ ચારિત્ર્યઘડતર માટે જે થવું ઘટે અથવા એ માટે શિક્ષણમાં જે આવશ્યક ફેરફાર થવા ઘટે તે થયા નહીં. પરિણામે આજે આપણી સામે વિકરાળ સમસ્યાઓ ખડી થઈ છે, સમાજનું એક બિહામણું ચિત્ર ઊપસ્યું છે. આ સમસ્યાઓના નિરાકરણના ઉપાય ગાંધીજીના શિક્ષણદર્શનમાં પડેલા છે એ વિશે શંકા નથી. કરુણા એ છે કે શિક્ષણના એમના એ ભવ્ય વારસાને આપણે વીસરી ગયા છીએ.

મહાત્મા ગાંધીજીએ પોતાની જીવન ફિલસુફીમાંથી ઘણું આપ્યું છે. જીવનનું એક પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગાંધીજીએ આપણને કંઈક ને કંઈક આપ્યું કે કહ્યું ના હોય ! ધર્મ, સંસ્કૃતિ, સમાજકારણ, રાજકારણ કે અર્થકારણ દરેક ક્ષેત્રમાં તેમનું આગવું ચિંતન રહ્યું છે. મારું જીવન એ જ મારો સંદેશ' એમ કહેનાર આ મહામાનવે વિચારમાં અને આચારમાં અનન્ય એમ સાખ્યું હતું. હકીકતમાંતો તેઓ નહોતા શિક્ષક કે નહોતા કેળવણીકાર ! છતાં શિક્ષણ અંગે તેમણે ખૂબ સારા પોતાના વિચારો પ્રગટ કર્યા છે. મહાત્મા ગાંધીજી માનતા હતા કે શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી કે જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે. શિક્ષણ દ્વારા સારા નાગરિકનું નિર્માણ કરી દેશને વધુ શક્તિશાળી બનાવી શકાય છે. ગાંધીજીના માટે શિક્ષણ એવું આપવું જોઈએ કે બાળકોના બૌદ્ધિક, સામાજિક, માનસિક, વ્યાવસાયિક વગેરે જેવા જુદા-જુદા પાસાંઓનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

**શિક્ષકોમાં ચારિત્ર્ય આવશ્યક :-**

સ - શિક્ષકોમાં ચારિત્ર્ય આવશ્યક ગણશો ?

જ - જરૂર.

સ - તેથી મંદિરાપાન કરનારી, બીડી પીનારો શિક્ષક ત્યાજ્ય નથી ?

જ. - આપણે એટલી કોટિએ તો ચડ્યા જ છીએ કે જેથી દારૂ પીનાર શિક્ષકનો ત્યાગ કરી શકીએ. બીડીને વિશે એટલું કહેવાની મારી હિંમત નથી. બીડી પીનાર બીજી રીતે ચારિત્ર્યવાન હોઈ શકે એવો મારો અનુભવ

છે. ચારિત્ર્ય નિહાળતાં આપણે ચારિત્ર્યશૂન્ય ચોકીદાર ન બનીએ એ પણ જરૂરનું છે.

**શિક્ષક લોહચુંબકની માફક કામ કરે :-**

એક કુમારમંદિરના આચાર્ય પૂર્ણ છે કે જે ગામમાં લોકોને રાષ્ટ્રીય શાળાની દરકાર ન હોય, શિક્ષક પગાર વિના ભૂખે મરે, ત્યાં શિક્ષકોએ શું કરવું ? શિક્ષકમાં વિભૂતિ હશે તો ગમે તેમ કરીને તે પોતાનું કાર્ય સિદ્ધ કરશે. શિક્ષક તો લોહચુંબકની માફક કામ કરે. તેની પાછળ છોકરાંઓ વીંટળાઈ વળે, તેને એક ક્ષણ વાર પણ ન છોડે. શિક્ષકનો વિયોગ શિષ્યોને અસહ્ય થઈ પડે. આવા શિક્ષકને માબાપ કદી તરછોડે નહીં. શિક્ષક શાહુકાર થાય તો ચોર ગણાય ને ભૂખે મરે તો "ઠોઠ" ગણાય. મજકૂર શિક્ષકને મારી સલાહ છે કે તે ઘેર ઘેર ભિક્ષા માગી ઉંદર ભરે પણ પોતાનો શિક્ષણનો ધર્મ ન છોડે. શિક્ષણ એ **શિક્ષકનો ધર્મ છે** :-

શિક્ષકો આજીવિકાને ભૂલી શિક્ષા આપવાના પોતાના કર્તવ્યને જ યાદ રાખે તો શાળાઓમાં નવું ચેતન રેડાય ને શાળાઓ ખરી રીતે રાષ્ટ્રીય બને, તો જ તેનો રાષ્ટ્રીય ચળવળમાં ઉપયોગ હોય. જેનો પોતે અંગીકાર કર્યો તેને વફાદાર રહેવું એ તો બાળક, વૃદ્ધ, સ્ત્રીપુરુષ બધાંને સારુ પહેલો પાઠ છે.

**કેળવણી** :-

આ વાતાવરણમાંથી આપણે નીકળી જઈએ તો માનવા યા વિમુખો' એ પ્રાચીન મંત્રને સિદ્ધ કરીએ.ત્રિ એટલે કેવળ આધ્યાત્મિક જ્ઞાન અને મ્યુઝિક એટલે છુટકારો અર્થ ન કરવો. વિદ્યા એટલે લોકોપયોગી બધું જ્ઞાન અને મુક્તિ એટલે આ જીવનમાં સર્વ દાસત્વમાંથી છૂટી જવું. દાસત્વ પારકાનું અને પોતે ઊભી કરેલી અનેક હાજોનું, એથી મુક્તિ આપણને મેળવી આપે એ જ ભણતર જ ભણતર.

**જીવનનું જ્ઞાન**

આજે તો આપણને નથી ચોખ્ખું પાણી મળતું, નથી ચોખ્ખી માટી મળતી, નથી ચોખ્ખી હવા મળતી. આપણે સૂર્યથી સંતાઈને રહીએ છીએ. આ બધાનો વિચાર કરીએ અને યોગ્ય ખોરાક યોગ્ય રીતે લઈએ, તો કેટલાય યુગોનું કામ થયું સમજો. તેનું જ્ઞાન મેળવવાને માટે નથી ડિગ્રી જોઈતી, નથી કરોડો રૂપિયા જોઈતા. કેવળ ઈશ્વર પર શ્રદ્ધા, સેવાની ધગશ અને પંચ મહાભૂતોનો થોડો પરિચય તથા યુક્તાહારનું જ્ઞાન જોઈએ. આટલું તો આપણે શાળાકૉલેજના શિક્ષણ કરતાં ઓછી મહેનત અને ઓછા સમયમાં મેળવી શકીએ. વારંવાર પૂછપરછ કરીને અને વિનયપૂર્વક તમારે એ શીખી લેવું જોઈએ. વારંવાર પૂછપરછ કરવામાં ઉદ્ધતાઈ પણ થઈ શકે છે. જ્ઞાન મેળવવા માટે જિજ્ઞાસાની સાથે અદબ એટલે કે નમ્રતા પણ હોવી જોઈએ. તો જ બુદ્ધિનાં દ્વાર ઊઘડે છે. નવી દુનિયા નિર્માણ કરવાને માટે બેશક કેળવણી પણ નવી બની હોવી જોઈશે.

**સુમેળભર્યું મિશ્રણ**

હૃદય, બુદ્ધિ અને શરીર વચ્ચે મેળ ન હોવાથી જે દુઃસહ પરિણામ આવ્યું છે તે પ્રસિદ્ધ છે, છતાં અવળા સહવાસને લીધે આપણે તે જોઈ નથી શકતા. મનુષ્ય માત્ર બુદ્ધિ નથી, માત્ર શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી. ત્રણેના એકસરખા વિકાસમાં

મનુષ્યનું મનુષ્યત્વ સધાય. આમાં ખરું અર્થશાસ્ત્ર છે.

કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાના અનેકમાંનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી. એટલે હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી હાથઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું.. હું માનું છું કે આ શિક્ષણપદ્ધતિમાં મન અને આત્માનો ઊંચામાં ઊંચો વિકાસ સાધવો શક્ય છે. માત્ર દરેક હાથઉદ્યોગ આજે શીખવાય છે તેમ જડ યંત્રવત્ નહીં પણ શાસ્ત્રીય રીતે શીખવાવો જોઈએ, એટલે કે બાળકને દરેક ક્રિયા શા માટે કરવામાં આવે છે તે સમજાવવું જોઈએ.

અક્ષરજ્ઞાન કરતાં સંસ્કારની કેળવણીને હું ઘણું વધારે મહત્ત્વ આપું છું. ઉપયોગી અંગમહેનત મારફત આપણી બુદ્ધિનો વિકાસ થાય છે. બુદ્ધિની સાથે સાથે આત્માનો પણ વિકાસ થાય, તો જ બુદ્ધિનો સદ્દુપયોગ થાય છે. નહીં તો બુદ્ધિ આપણને કુમાર્ગે લઈ જશે અને તે ઈશ્વરી બક્ષિસને બદલે શાપરૂપ બની જશે."

**નવી તાલીમ** :-

કેળવણીના સાધન અથવા માધ્યમ તરીકે કોઈ પણ ઉદ્યોગ કામ આપે કે નહીં, તેની એક કસોટી છે. તે ઉદ્યોગ સાર્વત્રિક એટલે કે, સૌથી થાય તેવો હોવો જોઈએ. સાચું જોતાં કેળવણીમાં ઉદ્યોગ, તંદુરસ્તી, ભણતર અને કળાનું મિશ્રણ છે, સુમેળ છે.... અને બધાનો મેળ મળીને ગર્ભ રહે ત્યાથી માંડીને માણસ ખીલીને પૂર્ણ વિકસિત ફૂલ જેવો સુંદર બને, એનું નામ નવી તાલીમ એથી કોઈ ઉદ્યોગને કેળવણીથી નોખો ન ગયું, પણ તેને જ કેળવણી આપવાનું વાહન કે સાધન ગણું.

મારી નઈ તાલીમ નાણાં પર આધાર રાખતી નથી. આ કેળવણીને અંગેનો ચાલુ ખર્ચ ખુદ કેળવણીની પ્રક્રિયામાંથી મળી રહેવો જોઈએ. મારા આ વિચારની સામે ગમે તેવી ટીકાઓ થતી હશે પણ હું બરાબર જાણું છું કે જે કેળવણી 'પોતાનો ખર્ચ પોતે કાઢે છે' તે જ સાચી કેળવણી છે.

હિંદુસ્તાની તાલીમી સંઘ કેળવણીના જે પ્રયોગોનું કામ ચલાવે છે તેને નઈ તાલીમ કહે છે કેમ કે કેળવણીની એ પદ્ધતિને પારકા મુલકમાંથી લાવવામાં આવી નથી અથવા પ્રજાને માથે જબરદસ્તીથી ઠોકી બેસાડવામાં આવી નથી પણ હિંદ જે મોટે ભાગે ગામડાંઓનું બનેલું છે તેનાં વાતાવરણને અને પરિસ્થિતિને સુસંગત છે. માણસ ત્રણ તત્ત્વોનો બનેલો છે. શરીર, મન અને આત્મા. નઈ તાલીમ એ ત્રણે વચ્ચે સમતોલપણું રાખી કેળવણીમાં તેમનો મેળ સાધવા માગે છે. પશ્ચિમની કેળવણીની પદ્ધતિમાં લશ્કરી તાલીમને વધારે મહત્ત્વ આપવામાં આવે છે અને તેથી તેમાં આત્માને લગભગ વિસારી મૂકી માણસનાં મન અને શરીરની કેળવણી પર વધારે ધ્યાન આપવામાં આવે

છે. એટલે પશ્ચિમની કેળવણીની પદ્ધતિ અને નઈ તાલીમ વચ્ચે મોટો તફાવત છે. મારીર, મન અને આત્મા એ માણસના બંધારણમાં રહેલાં ત્રણે તત્ત્વોનો સુમેળ સાધી માણસને પૂરી કેળવણી આપવી હોય તો તેનો સારામાં સારો રસ્તો તેને હાથકામના હુન્નરો મારફ્તે કેળવણી આપવાનો છે. નઈ તાલીમની બીજી ખૂબી એવી છે કે તેનો બધો ખરચ તે પોતે જ કાઢશે. તેથી પ્રજાની કેળવણીને માટે નઈ તાલીમમાં કરોડો રૂપિયા ખરચવાની વાત આવતી જ નથી.

આપણી કેળવણી ત્રણ પ્રકારની છે. એનાથી બુદ્ધિ શરીર ને આત્મા ત્રણેનો વિકાસ થાય છે. બીજી કેળવણીથી કેવળ બુદ્ધિ વધે છે.

**વિદ્યાપીઠની કેળવણી**

વિદ્યાપીઠની કેળવણીનું ધ્યેય પોતાના મુલકની આઝાદીને ખાતર જ જીવનારા અને તેને માટે જરૂર પડે તો મરી ફીટનારા પ્રજાના સાચા સેવકો પેદા કરવાનું હોય. તેથી, મારો એવો અભિપ્રાય છે કે, વિદ્યાપીઠની કેળવણીને તાલીમી સંઘમાંથી શિક્ષકો લઈ પાયાની કેળવણીની સાથે એક સૂત્રે પરોવી, તેના ધોરણ પર લાવવી જોઈએ. સ્ત્રી કેળવણીના સંદર્ભે હું ખાતરીપૂર્વક નથી કહી શકતો કે તે કેળવણી પુરુષોની કેળવણીથી અલગ હોવી જોઈએ. અને તેની શરૂઆત કયારથી થવી જોઈએ. પરંતુ મારો દ૮ મત છે કે સ્ત્રીઓને પણ પુરુષોના જેટલી જ સગવડો મળવી જોઈએ. અને જ્યાં જરૂર હોય ત્યાં, વિશિષ્ટ સગવડ પણ આપવી જોઈએ.

આપણા વિદ્યાર્થીઓએ પરદેશોમાં ભણવા જવું, એવી હિમાયત મે કદી કરી નથી. મારો અનુભવ છે કે, આવી રીતે ભણીને પાછા કરેલા લોકો અહીંના સમાજમાં ભળી શકતા નથી, તેની સાથે સમરસ થઈ શકતા નથી. આપણા વિકાસમાં જે વધારેમાં વધારે મદદરૂપ થાય અને જે આપણી ભૂમિમાંથી મળ્યો હોય, તે જ કીમતીમાં કીમતી અનુભવ ગણાય.

**વિદ્યાર્થીઓ માટે સંહિતા**

વિદ્યાર્થીઓએ સૌથી પહેલાં ને સૌથી વધારે નમ્ર થવાનું હોય ને તદ્દન ઘટિત વર્તન રાખવાનું હોય. સૌથી મોટા પુરુષોએ પોતાની મહત્તા સાચવવાને પોતાની જાતે સૌથી હલકો દરજ્જો સ્વીકારીને રહેવું ઘટે. હિંદુઓની માન્યતાને વિશેના મારા અનુભવ પરથી હું કહું કે વિદ્યાર્થીનું જીવન પોતાના અભ્યાસકાળ દરમિયાન સન્યાસીના જીવન જેવું હોય. તે પોતાના આચારવિચારમાં કડક સંયમ ને શિસ્ત સ્વતંત્રતા અને લોકશાહી પાળે તેનાથી લગ્ન ન થાય ને સ્વચ્છંદ વ્યભિચાર પણ ન થાય. તેને દારૂ ને એવા બીજા કેફી પદાર્થોનું વ્યસન ન હોય. તેનું વર્તન નમૂનેદાર સંયમનો પ્રત્યક્ષ પાઠ હોય.

**શિક્ષણનું માધ્યમ**

આપણે એવું માનતા થઈ ગયા લાગીએ છીએ કે અંગ્રેજી જાણ્યા વિના કોઈથી રોઝ જેવા થવાની આશા રાખી જ ન શકાય. આના કરતાં મોટો વહેમ હું કલ્પી શકતો નથી. આપણે જેટલી લાચારી અનુભવતા લાગીએ છીએ તેટલી કોઇ જપાનીને લાગતી નથી. શિક્ષણનું વાહન તરત જ અને ગમે તે ભોગે બદલાવું

જોઈએ, અને પ્રાંતિક ભાષાઓને તેમનું યોગ્ય સ્થાન અપાવું જોઈએ. જે ભયાનક દુર્વ્યય દરરોજ જામતો જાય છે તેના કરતાં તો કૉલેજની કેળવણીમાં કામચલાઉ અંધાધૂંધી થાય એ હું પસંદ કર્યું.

પ્રાંતિક ભાષાઓના દરજ્જા ને બજારભાવ વધારવાને માટે અદાલતોની ભાષા જ્યાં અદાલત આવેલી હોય ત્યાંની પ્રાંતિક ભાષા હું રાખું. પ્રાંતિક ધારાસભાઓનું કામકાજ પ્રાંતની ભાષામાં, અથવા જ્યાં પ્રાંતની હદમાં એકથી વધારે ભાષાઓ ચાલતી હોય ત્યાં તે ભાષાઓમાં, ચાલવું જોઈએ.. મધ્યવર્તી ધારાસભામાં હિંદુસ્તાનીનું રાજ ચાલવું જોઈએ.

**રાષ્ટ્રભાષા**

પ્રાતો પ્રાંતો વચ્ચેના વહેવારને માટે નાગરી ને ઉર્દૂમાં લખાતી હિંદુસ્તાની રાખવી કે કેવળ નાગરીમાં લખાતી હિદી રાખવી.

મારી દલીલ એટલી જ છે કે આપણી રાજસત્તા પડાવી લેનારા અંગ્રેજને જેમ આપણે આપણે ત્યાંથી રુખસદ આપી તેવી જ આપણી સંસ્કૃતિનું મહત્ત્વનું કામ પડાવી લેનારી અંગ્રેજીને પણ આપી દઈએ. વેપાર અને આંતરરાષ્ટ્રીય રાજકારણને માટે પોતાનું સ્વાભાવિક સ્થાન સમૃદ્ધ અંગ્રેજી બોલી હમેશ ટકાવી રાખો.

આવી ભાવના રાખી આપણે ભાષાવાર પ્રાંતો બનાવીશું તો તેથી પ્રાંતિક ભાષાઓની પણ પ્રગતિ થશે. એ પ્રાંતોના લોકોને હિંદુસ્તાનીના માધ્યમ દ્વારા કેળવણી આપવાની વાત તદ્દન વાહિયાત છે અને અંગ્રેજીમાં આપવાની વાત તો વળી તેથીયે વધારે વાહિયાત છે. તેનું કામ તો પ્રાતોને ભારત સાથે પોતાના આંગિક સબંધને સમજવામાં મદદ કરવાનું છે.

**અંગ્રેજી ભાષા**

અંગ્રેજીના જ્ઞાન વિના હિંદી માનસનો સર્વોત્કૃષ્ટ વિકાસ શક્ય બનવો જ જોઈએ.

હું ચોકસ માનું છું કે અંગ્રેજી શિક્ષણ જે રીતે અપાયું છે તેણે અંગ્રેજી ભણેલા હિંદીઓને નમાલા બનાવી દીધા છે, હિંદી વિદ્યાર્થીઓની કાર્યશક્તિ ઉપર અસહ્ય બોજો નાખ્યો છે, અને આપણને બધાને નકલ કરનારા બનાવી દીધા છે. અનુવાદકોની જમાત પેદા કરીને કોઈ પણ દેશ રાષ્ટ્ર બની શકતો નથી.

અંગ્રેજી આજે આખી દુનિયાની ભાષા બની છે. તેથી, હું તેને નિશાળના નહી, પણ વિદ્યાપીઠના અભ્યાસક્રમમાં મરજિયાત શીખવાના વિષય તરીકે બીજી ભાષાનું સ્થાન આપું. અને તે પણ પસંદગીના થોડા લોકો માટે હોય, કરોડોને માટે તો કયાંથી હોય...આપણી મનોવૃત્તિ એવી ગુલામ બની ગઈ છે કે, અંગ્રેજી વગર આપણું ચાલે જ નહીં, એવું આપણને લાગ્યા કરે છે. કામ શરૂ કર્યાં પહેલાં આગળથી હારી બેસવાની આવી માન્યતાને હું કદી નહીં સ્વીકારું.

સદર્ભ સૂચિ :-

1. ગાંધીજીનું શિક્ષણ દર્શન એમના જ શબ્દોમાં – મગનભાઇ જો પટેલ , નવજીવન પ્રકશાન મંદિર, અમદાવાદ.
2. પાયાની કેળવણી – ગાંધીજી ત્રીજી આવુતિ 1969 નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

3. ખરી કેળવણી – ગાંધીજી બીજી આવૃતિ 1955, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
4. મહાત્મા ગાંધીજીની વિચાર સૃસ્ટ્રી, આવૃતિ -સવંત 1975
5. મહાત્મા ગાંધીજીના વિચારો - આર.કે.પ્રભુ અને યુ.આર.રાવ, નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા.